| | |
|---|---|
| દાખલ થયા તા . | ૦૧/૦૫/૨૦૧૯ |
| રજુ કર્યા તા. | ૦૧/૦૫/૨૦૧૯ |
| ફેંસલ કર્યા તા. | ૨૬/૦૬/૨૦૨૨ |
| સમય મર્યાદા | વર્ષ– માસ– દિવસ– |

**મે. એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ મધ્યે ,કોર્ટ નં. ૦૧, અમદાવાદ.**

**ક્રિમીનલ કેસ નં. :– ૩૭૮૭૪/૨૦૧૯**

ફરીયાદી :– સરકાર

વિરુધ્ધ.

આરોપી :– પિન્કી ઉર્ફે પ્રિયા મુકેશભાઈ ઠાકોર ઉ.વ. ૩૦

રહે. વિહતનગરના છાપરા બજરંગઆશ્રમ સામે, હીરાવાડી,

અમદાવાદ

**ગુન્હો:–ધી પ્રોહી એકટની કલમ–૬૫ એ,એ મુજબ.**

**ફરીચાદી તરફે : વિ. વ.શ્રી એમ.એમ. મેકવાન**

**આરોપી તરફે : વિ. વ. –––––**

**જજમેન્ટ**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે આ કામના આરોપીએ આરોપી એ પોતાના કબજામાં વગર પાસ પરમીટે દેશી દારૂ લિટર–૪ સાથે મળી આવેલ તે મતલબની ફરીયાદ કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં પ્રોહી ગુ.રજી. નં.૫૦૯૧/૨૦૧૯થી નોંધાતાં અને આગળની તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતાં ધી પ્રોહી એકટની કલમ ૬૫(એ)(એ) મુજબનું હાલનું ચાર્જશીટ આ અદાલતમાં રજુ કરેલ છે.

(૨) આરોપીને સમન્સ કાઢતાં બજી જતાં આરોપી હાજર થતાં તેમને વિના મૂલ્યે નકલો પુરી પાડયાની ખાતરી થતાં આરોપી સામે આંક–૩ થી તહોમતનામું ફરમાવી આંક–૪ થી પ્લી લેતાં, ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૩) આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી થતા અગાઉ આરોપીએ ગુનો કબુલ કરેલ છે અને તેમનો પ્રથમ ગુનો છે અને તેમના કુંટુંબના ભરણપોષણની જવાબદારી તેમના શીરે રહેલ છે તેવી

રજુઆત કરેલ છે. આરોપીના ગુનો કબુલ કરેલ છે તે અંગે તે ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમજ ગુનાની  સજાની જોગવાઇ સમજાવતા છતાં તેઓ ગુનો કબુલાતને વળગી રહેલ છે જેથી  તે ન માનવાને કોઇ કારણ નથી આથી આરોપીને હવે કલમ–૬૫ એ,એ તળેના ગુના સબબ તકસીરવાન ઠરાવવામા આવે છે. અને આરોપીને સજા અંગે સાંભળ્તા આ તેમનો પ્રથમ ગુનો છે અને ગરીબવર્ગના હોવાનું જણાવેલ છે. આ કામે નામ.ગુજરાત હાઇકોર્ટ સમક્ષના ૨૦૦૫(૧)જી.એલ.આર.પેજનં.૭૦૯ પરનો સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવરલાલ હરીચંદ્જી ઠાકોરના કેસનો ચુકાદો ધ્યાને લેતાં પુરતાં વ્યાજબી કારણો હોયતો કેસના સંજોગો ધ્યાને લઇ આરોપીને કાયદામાં કરેલ ન્યુનતમ સજા કરતા હળવી સજા કરવાની સત્તા રહેલ છે.આથી તે રજુઆત જોતાં, આરોપીનો પ્રથમગુનો હોઇ કાયદાનુસાર મહત્મ સજા કરવામાં આવેતો રીઢા ગુનેગારોના સંપર્કમા આવે જેથી તેના જીવન પર વિપરીત અસર થાય તેમ છે આથી આરોપીને કાયદાનુસાર સજા ન કરતા હળવી કરવામા આવેતો ન્યાયનો હેતુ જળવાઇ રહે તેમ છે. આથી વિશેષ ચર્ચા ન કરતાં નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) આરોપીને કલમ–ધી પ્રોહી એકટની કલમ ૬૫(એ)(એ) મુજબના ગુનામા તકસીરવાન ઠરાવીને કોર્ટ ઉઠતાં સુધીની સજા અને રૂ. ૫૦૦–(પાંચસો  પુરા) દંડ કરવામાં આવે છે જો આરોપી દંડ ભરવામાં નિષ્ફળ જાયતો દિન–૩૦ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) અપીલ સમય વિત્યે મુદ્દામાલ દારૂનો નાશ કરવો તથા મુદ્દામાલ કેરબાનું જાહેર હરાજીથી વેચાણ કરી તેની ઉપજેલ રકમ સરકારશ્રીમાં જમા કરાવવી.

હુકમ આજરોજ તા.૨૬/૦૬/૨૦૨૨ ના રોજ માં સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**Date. 26/06/2022**

**Place:SPECIAL SITTING AHMEDABAD**

**(MR.SANJAY BABULAL SHAH)**
**GJ-00755**
**ADDI.CHIEF METROPOLITAN MAGI.**
**COURT NO.1,AHMEDABAD**